**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========================================================

અમદાવાદની ગુજરાત ઉચ્ચ અદાલતમાં

આર/સ્પે. સીવિલ એપ્લીકેશન નં.૧૨૨૫૦ ઓફ ૨૦૧૭

**મંજૂરી અને સહી માટેઃ**

**માનનીય ન્યાયમૂર્તી શ્રી જે.બી. પારડીવાલા**

==========================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક અખબારોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવી શકે છે? | હા |
| ૨ | પત્રકારને રીફર કરવામાં આવશે કે નહીં? | હા |
| ૩ | શું માનનીય શ્રી ન્યાયમૂર્તિ ચુકાદાની ખરી નકલ જોવા માંગે છે? | ના |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈપણ આદેશ અંગે કાયદાના નોંધપાત્ર પ્રશ્નનો સમાવેશ થાય છે? | ના |

=====================================================

શિવચરણ લાલચંદ ભાટિયા

વિરુદ્ધ

સેજલ કે. મેવાડા

=====================================================

ઉપસ્થીતીઃ

અરજદાર (ઓ) નંબર ૧ તરફે શ્રી એન. વી. ગાંધી (૧૬૯૩)

સામાવાળા નં.૩ તરફથી સહાયક સરકારી વકીલ સુશ્રી નિશા ઠાકોર.

સામાવાળા નં.૨, ૪ અને પને ડી.એસ. મારફતે નોટિસ બજાવવામાં આવી.

સામાવાળા નં.૧ને નોટિસ બજાવવામાં આવી નથી.

=====================================================

**કોરમઃમાનનીય ન્યાયમૂર્તી શ્રી જે.બી. પારડીવાલા**

**તારીખઃ૦૫/૦૪/૨૦૧૮**

**સી.એ.વી. જજમેન્ટ**

૧. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ આ રિટ અરજી દ્વારા રિટ અરજદારે નીચેની રાહતો માટે અરજ કરી છે;

*"(એ) આપના લોર્ડશિપ્સ મહેરબાની કરીને યોગ્ય રિટ, હુકમ અથવા દિશા જારી કરીને જાહેર અને ઠરાવો કે અમદાવાદના વિદ્વાન ડેપ્યુટી*

કલેક્ટર (લેન્ડ રિફોર્મ્સ એન્ડ અપીલ્સ), એટલે કે હાલના સામાવાળા નં.૪ દ્વારા ટેનન્સી એક્ટની કલમ ૭૬એ હેઠળની સ્વતઃ પુનરીક્ષણ સત્તાનો ઉપયોગ કરીને, મોજે/ગામ મકરબા, તા. શહેર અને જિલ્લો: અમદાવાદ ખાતે આવેલ, એસ/બી. નં.૭૦૮/૧, જેનું ક્ષેત્રફળ ૦-૪૪-૧૯ હેક્ટર-આર-ચોરસ મીટર છે, તે સંબંધિત ગણોત/રિવિઝન/કેસ નં.૪/૨૦૧૭માં તા.૩૧.૫.૨૦૧૭નું આ અરજીના એનેક્ષર-ઈ તરીકે રજૂ કરાયેલ વાદગ્રસ્ત કારણદર્શક નોટિસ ગેરકાયદેસર અને કાયદાની વિરુદ્ધ છે તથા આગળ મહેરબાની કરીને તેને રદ કરી બાજુ પર મૂકો; અને

(બી) આ અરજીની સ્વીકૃતિ, સુનાવણી અને અંતિમ નિકાલ બાકી હોય ત્યાં સુધી, આપના લોર્ડશિપ્સ મહેરબાની કરીને અમદાવાદના વિદ્વાન ડેપ્યુટી કલેક્ટર (લેન્ડ રિફોર્મ્સ એન્ડ અપીલ્સ) સમક્ષ પડતર ગણોત/રિવિઝન/કેસ નં.૪/૨૦૧૭ની આગળની કાર્યવાહી પર સ્થગિતી મૂકો; અને

(સી) ઉપરોક્ત અરજ-બી મુજબ વચગાળાની એકતરફી રાહત મહેરબાની કરીને મંજૂર કરશો; અને

(ડી) અરજદારની તરફેણમાં યોગ્ય ગણાય એવો અન્ય અને વિશેષ હુકમ મહેરબાની કરીને પસાર કરો."

૨. આ રિટ અરજીને જન્મ આપતી હકીકતોનો સંક્ષેપ નીચે મુજબ છે;

૨.૧ વિષયભૂત જમીન, સર્વે નં.૭૦૮/૧, જેનું ક્ષેત્રફળ ૦–૪૪–૧૯ હેક્ટર–આર–ચોરસ મીટર છે અને મોજે/ગામ મકરબા, તાલુકો શહેર અને જિલ્લો: અમદાવાદ ખાતે આવેલી છે, તે એક ગોગાજી મોહનજીની માલિકીની હતી, એટલે કે હાલના સામાવાળા નં.૨ની. ગોગાજી મોહનજીએ તા.૨૦ મે, ૧૯૮૨ના રજિસ્ટર્ડ વેચાણખત દ્વારા વિષયભૂત જમીન રિટ અરજદાર અને અન્યના પક્ષે તબદીલ કરી હતી. વેચાણખત અમદાવાદના સબ–રજિસ્ટ્રાર સમક્ષ અનુક્રમ નં.૭૪૯ પર નોંધાયેલું હતું.

૨.૨ સિટી મામલતદાર અને એ.એલ.ટી., અમદાવાદે સદર વેચાણ વ્યવહાર ટેનન્સી એક્ટની કલમ ૬૩ના ભંગમાં હોવાનું શોધી કાઢ્યું અને તેવી પરિસ્થિતિમાં તે બાબતે ટેનન્સી એક્ટની કલમ ૮૪–સી હેઠળ પોતાની સ્વતઃ સત્તાનો ઉપયોગ કરવાનું યોગ્ય માન્યું. કાર્યવાહી કેસ નં. ટેનન્સી–૮૪સી/૨૯૫/૮૪ તરીકે નોંધાઈ. કાર્યવાહી વેચાણકર્તાઓ તથા ખરીદદારો, જેમાં હાલના રિટ અરજદારનો પણ સમાવેશ થાય છે, વિરુદ્ધ શરૂ કરવામાં આવી અને તા.૩ જૂન, ૧૯૮૮ના હુકમથી ટેનન્સી એક્ટની કલમ ૬૩ની જોગવાઈઓના ભંગમાં વેચાણ વ્યવહાર થયો હોવાનું ઠરાવી વિષયભૂત જમીન રાજ્ય સરકારમાં જપ્ત કરાઈ.

૨.૩ ઉપરોક્ત હુકમથી અસંતોષ પામી રિટ અરજદાર અને અન્યોએ ટેનન્સી

એક્ટની કલમ ૭૪ હેઠળ અમદાવાદના ડેપ્યુટી કલેક્ટર (લેન્ડ રિફોર્મ્સ) અપીલ્સ સમક્ષ ટેનન્સી અપીલ નં.૨૧૦/૧૯૮૮ દાખલ કરી. રિટ અરજદાર અને અન્યોએ સ્થગિતીની અરજી પણ કરી અને અપીલ બાકી હોય ત્યાં સુધી વચગાળાનો હુકમ આપવા અરજ કરી. અમદાવાદના ડેપ્યુટી કલેક્ટર (લેન્ડ રિફોર્મ્સ) અપીલ્સે તા.૨૮ સપ્ટેમ્બર, ૧૯૮૮ના હુકમથી સ્થગિતી આપી અને ત્યારબાદ તા.૨૬ ઓક્ટોબર, ૧૯૮૯ના હુકમથી અપીલ મંજૂર કરી અને સિટી મામલતદાર અને એ.એલ.ટી. દ્વારા પસાર કરાયેલ હુકમ રદ કરી બાજુ પર મૂક્યો.

૨.૪ તા.૩ જૂન, ૧૯૮૮ના અમદાવાદના ડેપ્યુટી કલેક્ટર (લેન્ડ રિફોર્મ્સ એન્ડ અપીલ્સ)ના હુકમને કોઈ ઉચ્ચ મંચ સમક્ષ પડકારવામાં ન આવતાં તે અંતિમ બન્યો.

૨.૫ તા.૩ જૂન, ૧૯૮૮ના ઉપરોક્ત ડેપ્યુટી કલેક્ટરના હુકમના લગભગ ૧૯ વર્ષ બાદ, હાલના સામાવાળા નં.૧એ, જે વિષયભૂત જમીનના સંદર્ભમાં સંપૂર્ણપણે અજાણ્યા વ્યક્તિ છે, તા.૪ ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ મામલતદાર અને એ.એલ.ટી., દાસકરોઈ, અમદાવાદ સમક્ષ અરજી કરી અને અરજ કરી કે ટેનન્સી એક્ટની કલમ ૮૪–સી હેઠળની સ્વતઃ સત્તાનો ઉપયોગ કરવામાં આવે અને તા.૩ જૂન, ૧૯૮૮નો હુકમ રદ કરવામાં આવે. મામલતદાર અને એ.એલ.ટી., દાસકરોઈ, અમદાવાદે હાલના સામાવાળા નં.૧ દ્વારા કરવામાં આવેલી આવી અરજીની નોંધ લીધી અને કાર્યવાહી શરૂ કરી, જે ગણોત કેસ નં.૫૧૮/૨૦૦૯ તરીકે નોંધાઈ અને રિટ અરજદાર તથા અન્યને નોટિસ

આપવામાં આવી. મામલતદાર અને એ.એલ.ટી., દાસકરોઈ, અમદાવાદે કેસના રેકોર્ડની તપાસ કર્યા બાદ તા.૬ મે, ૨૦૧૦ના હુકમથી કાર્યવાહી પડતી મૂકી અને ઠરાવ્યું કે અમદાવાદના ડેપ્યુટી કલેક્ટર (લેન્ડ રિફોર્મ્સ) અપીલ્સ દ્વારા હુકમ પસાર કરવામાં આવ્યો હોવાથી ટેનન્સી એક્ટની કલમ ૮૪–સી હેઠળ સ્વતઃ કાર્યવાહી શરૂ કરવાની તેમને કોઈ સત્તા અને અધિકારક્ષેત્ર નથી.

૨.૬ તા.૬ મે, ૨૦૧૦ના હુકમના લગભગ સાત વર્ષ બાદ અને તા.૨૬ ઓક્ટોબર, ૧૯૮૯ના હુકમના ૨૯ વર્ષ બાદ, અમદાવાદના ડેપ્યુટી કલેક્ટર (લેન્ડ રિફોર્મ્સ એન્ડ અપીલ્સ)એ અમદાવાદના મામલતદાર અને એ.એલ.ટી., દાસકરોઈ દ્વારા તા.૬ મે, ૨૦૧૦ના રોજ પસાર કરાયેલા હુકમની કાયદેસરતા અને યોગ્યતા અંગે ટેનન્સી એક્ટની કલમ ૭૬એ હેઠળ પોતાની સ્વતઃ પુનરીક્ષણ સત્તાનો ઉપયોગ કરવાનું યોગ્ય માન્યું. આ સંદર્ભમાં ડેપ્યુટી કલેક્ટરે તા.૩૧ મે, ૨૦૧૭ના રોજ કારણદર્શક નોટિસ જારી કરી, જે આ રિટ અરજીનું એનેક્ષર–ઈ, પૃષ્ઠ–૩૭ છે. હાલની રિટ અરજીમાં આ કારણદર્શક નોટિસને જ પડકારવામાં આવી છે.

૩. રિટ અરજદાર તરફથી હાજર વિદ્વાન વકીલ શ્રી ગાંધી રજૂ કર્યું કે આટલા વર્ષો બાદ તા.૩૧ મે, ૨૦૧૭ની કારણદર્શક નોટિસ જારી કરવી અધિકારક્ષેત્ર વિના છે. તેમણે રજૂ કર્યું કે મામલતદારે અધિનિયમની કલમ ૭૬એ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને હુકમ પસાર કર્યો હોય ત્યારથી એક વર્ષ પૂર્ણ થયા પછી એવો હુકમ કાયદેસર અથવા યોગ્ય છે કે નહીં તે અંગે પોતાને સંતોષ કરવા માટે

અથવા મામલતદારની કાર્યવાહી નિયમિત છે કે નહીં તે અંગે સંતોષ કરવા માટે કલેક્ટર કોઈ રેકોર્ડ મંગાવી શકે નહીં. શ્રી ગાંધી રજૂ કર્યું કે આ રિટ અરજીમાં ઉઠાવવામાં આવેલ પ્રશ્ન આ અદાલતના બે ચુકાદાઓથી સીધો આવરી લેવાયેલો છે; એક અર ૂણભાઈ લાલજીભાઈ ગઢિયા વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં.૧૨૬૪૦/૨૦૧૩, તા.૨૨ જૂન, ૨૦૧૬ના રોજ નક્કી કરાયેલ કેસમાં અને બીજો શાહ અરવિંદકુમાર દૌલતકૃષ્ણ પાવર ઓફ એટર્ની શૈલેશ પરીખ મારફતે વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં.૭૬૯૦/૨૦૧૧, તા.૧૬ જૂન, ૨૦૧૬ના રોજ નક્કી કરાયેલ કેસમાં. શ્રી ગાંધી આ અદાલતની ડિવિઝન બેન્ચના ઠાકોરભાઈ ત્રિભોવનદાસ રાવ અને અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને અન્ય, ૧૯૯૫ (૧) જી.એલ.એચ. ૭૫૮ના ચુકાદા પર પણ આધાર રાખ્યો.

૪. શ્રી ગાંધી પોતાની લેખિત રજૂઆતમાં નીચેના કાયદાના પ્રશ્નો ઉઠાવ્યા છે;

> *"(૧) શું સાત વર્ષના અંતરાલ બાદ વિદ્વાન ડેપ્યુટી કલેક્ટર (લેન્ડ રિફોર્મ્સ), અમદાવાદ ટેનન્સી એક્ટની કલમ ૭૬એ હેઠળ પોતાની સ્વતઃ પુનરીક્ષણ સત્તાનો ઉપયોગ વિદ્વાન મામલતદાર અને એ.એલ.ટી., દાસકરોઈ–અમદાવાદ દ્વારા તા.૬.૫.૨૦૧૦ના રોજ પસાર કરાયેલા હુકમના સંબંધમાં કરી શકતા હતા? જો નહીં, તો તે પરિસ્થિતિમાં હાલના સામાવાળા નં.૪, વિદ્વાન ડેપ્યુટી કલેક્ટર (લેન્ડ રિફોર્મ્સ એન્ડ અપીલ્સ), અમદાવાદ દ્વારા પોતાની સ્વતઃ પુનરીક્ષણ સત્તાનો ઉપયોગ*

કરીને ટેનન્સી એક્ટની કલમ ૭૬એ હેઠળ તા.૩૧.૫.૨૦૧૭ની ગણોત/રિવિઝન/કેસ નં.૪/૨૦૧૭ની જારી કરાયેલી વાદગ્રસ્ત નોટિસ અધિકારક્ષેત્ર વિના ગણાશે?

(૨) શું ટેનન્સી એક્ટની કલમ ૭૪ હેઠળની અપીલનો નિર્ણય થયા પછી ટેનન્સી એક્ટની કલમ ૭૬એ હેઠળની કાર્યવાહી જાળવવા યોગ્ય છે? જો નહીં, તો તે પરિસ્થિતિમાં ટેનન્સી એક્ટની કલમ ૭૬એ હેઠળની કાર્યવાહી સંબંધિત તા.૩૧.૦૫.૨૦૧૭ની કારણદર્શક નોટિસ અધિકારક્ષેત્ર વિના ગણાશે?

(૩) શું મહેસૂલ સત્તાધિકારીઓને રેસ-જ્યુડિકેટાના સિદ્ધાંતની લાગુ પડે છે? જો હા, તો હાલના સામાવાળા નં.૪, વિદ્વાન ડેપ્યુટી કલેક્ટર (લેન્ડ રિફોર્મ્સ), અમદાવાદ દ્વારા ટેનન્સી એક્ટની કલમ ૭૬એ હેઠળ પોતાની સ્વતઃ પુનરીક્ષણ સત્તાનો ઉપયોગ, ગણોત અપીલ નં.૨૧૦/૮૮માં તા.૨૬.૧૦.૧૯૮૯ના રોજ અગાઉ પસાર થયેલા નિર્ણયને ધ્યાનમાં લેતાં સદર રેસ-જ્યુડિકેટાના સિદ્ધાંતથી બાધિત થાય છે?

(૪) શું હાલના સામાવાળા નં.૪, વિદ્વાન ડેપ્યુટી કલેક્ટર (લેન્ડ રિફોર્મ્સ), અમદાવાદે ટેનન્સી એક્ટની કલમ ૭૬એ હેઠળ પોતાની સ્વતઃ પુનરીક્ષણ સત્તાનો ઉપયોગ કરવામાં અને વિષયભૂત જમીન સાથે અજાણ્યા સામાવાળા નં.૧ની વિનંતીથી ગણોત/રિવિઝન/કેસ

*નં.૪/૨૦૧૭ નોંધવામાં ગંભીર ભૂલ કરી છે?"*

૫. રેકોર્ડ પર મૂકવામાં આવેલી અન્ય લેખિત રજૂઆતો નીચે મુજબ છે;

*"૧). આદરપૂર્વક રજૂ કરવામાં આવે છે કે વિદ્વાન ડેપ્યુટી કલેક્ટર (લેન્ડ રિફોર્મ્સ) અપીલ્સ, અમદાવાદ દ્વારા ટેનન્સી એક્ટની કલમ ૭૬એ હેઠળ એક વર્ષની અવધિ પછી કરવામાં આવેલ સ્વતઃ પુનરીક્ષણ સત્તાનો વાદગ્રસ્ત ઉપયોગ કાયદાની વિરુદ્ધ છે અને તેથી ગણોત/રિવિઝન/કેસ નં.૪/૨૦૧૭ની તા.૩૧.૫.૨૦૧૭ની કારણદર્શક નોટિસ રદ કરી બાજુ પર મૂકવી જરૂરી છે. ટેનન્સી એક્ટની કલમ ૭૬એ પુનઃઉત્પન્ન કરીને નીચે મુજબ વાંચે છે:-*

*"કલમ ૭૬એ: કલેક્ટરની પુનરીક્ષણ સત્તાઓ*

*જ્યાં તેના માટે નિર્ધારિત સમયગાળામાં કોઈ અપીલ કરવામાં આવી ન હોય ત્યાં કલેક્ટર, સ્વતઃ અથવા આ હેતુસર રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા સંદર્ભ પર, કોઈ પણ સમયે,*

*(એ) મામલતદાર અથવા ટ્રિબ્યુનલની કોઈ તપાસ અથવા કાર્યવાહીના રેકોર્ડને, જેમ બને તેમ, આવા મામલતદાર અથવા ટ્રિબ્યુનલ દ્વારા પસાર કરાયેલા કોઈ હુકમની કાયદેસરતા અથવા યોગ્યતા અંગે પોતાને સંતોષવા*

અને આવા મામલતદાર અથવા ટ્રિબ્યુનલની કાર્યવાહી નિયમિત છે કે નહીં તે અંગે પોતાને સંતોષવા માટે મંગાવી શકે છે અને

(બી) તેના પર પોતાને યોગ્ય લાગે એવો હુકમ પસાર કરી શકે છે:

પરંતુ એવી જોગવાઈ છે કે આવા કોઈ રેકોર્ડને સદર હુકમની તારીખથી એક વર્ષ પૂર્ણ થયા પછી મંગાવી શકાશે નહીં અને આવા મામલતદાર અથવા ટ્રિબ્યુનલના કોઈ હુકમમાં ફેરફાર, તેને રદ અથવા ઉલટાવવામાં આવશે નહીં, જ્યાં સુધી હિત ધરાવતા પક્ષકારોને હાજર થઈને સાંભળવાની તક આપવામાં આવી ન હોય."

૨. ઉપરોક્ત રજૂઆતને બાધ ન પહોંચાડતા, આદરપૂર્વક રજૂ કરવામાં આવે છે કે માનીએ કે વિદ્વાન ડેપ્યુટી કલેક્ટરે વિદ્વાન મામલતદાર અને એ.એલ.ટી.નો રેકોર્ડ એક વર્ષની અંદર મંગાવ્યો હતો, તો પણ તેઓ વર્ષો સુધી રાહ જોઈને ટેનન્સી એક્ટની કલમ ૭૬એ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરી શકતા નથી. આ માનનીય હાઈકોર્ટની આ માનનીય ડિવિઝન બેન્ચે સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ પ્રવીણભાઈ ભાઈલાલભાઈ ગોર, ૨૦૦૦(૩) જી.એલ.આર. પૃષ્ઠ ૨૧૬૮માં આપેલા ચુકાદામાં રાજ્ય સરકાર દ્વારા દાખલ ઈન્ટ્રા-કોર્ટ અપીલ નામંજૂર કરી હતી, જેમાં આ માનનીય હાઈકોર્ટના વિદ્વાન એકલ ન્યાયાધીશે લેન્ડ રેવન્યુ રૂલ્સના નિયમ ૧૦૮(૬) હેઠળના પુનરીક્ષણ સત્તાના વાદગ્રસ્ત ઉપયોગને રદ

કરી બાજુ પર મૂક્યો હતો, કારણ કે તે મ્યુટેશનથી આઠ વર્ષ બાદ જારી કરવામાં આવ્યો હતો. ભારતની સર્વોચ્ચ અદાલતે જોઈન્ટ કલેક્ટર, રંગા રેડ્ડી જિલ્લો, એ.આઇ.આર. ૨૦૧૫ એસ.સી. ૧૦૨૧ના કેસમાં ઠરાવ્યું હતું કે પાંચ દાયકા બાદ સ્વતઃ પુનરીક્ષણ સત્તાનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને જો તેમ કરવાની મંજૂરી આપવામાં આવે તો તે અનિશ્ચિતતા અને ગંભીર જટિલતાઓવાળી અસંગત સ્થિતિ ઊભી કરશે અને અચર સંપત્તિ ઉપરના પક્ષકારોના હકોને ગંભીર અસર કરશે. સદર ચુકાદાનો ફકરો ૨૪ નીચે પુનઃઉત્પન્ન કરી નીચે મુજબ વાંચે છે:

૨૪. સંક્ષેપમાં કહીએ તો, પુનરીક્ષણ અધિકારક્ષેત્રનો વિલંબિત ઉપયોગ અપ્રિય માનવામાં આવે છે, કારણ કે જો કાર્યવાહી અથવા વ્યવહારોને સદાકાળ પડકારવા માટે ખુલ્લા રાખવામાં આવે તો માનવીય વ્યવહારોમાં ટાળી શકાય તેવી અને અનંત અનિશ્ચિતતા ઊભી થશે, જે કાયદાની નીતિ નથી. કારણ કે આવી સત્તાના ઉપયોગ માટે મર્યાદાની કોઈ અવધિ નિર્ધારિત ન હોય તોપણ, વચ્ચેનો વિલંબ તૃતીય પક્ષના હકોના સર્જન તરફ દોરી ગયો હોઈ શકે છે અને ખાસ કરીને જ્યારે વિલંબ માટે કોઈ યોગ્ય સ્પષ્ટતા સામે ન હોય ત્યારે, વિવેકાધીન સત્તાના વિલંબિત ઉપયોગથી આવા હકોને રદડી શકાય નહીં. કહેવાય છે કે કાયદાનું શાસન જીવનના શાસન સાથે નજીકથી ચાલવું જોઈએ. પુનરીક્ષણ માટે માંગવામાં આવેલા હુકમો કપટપૂર્ણ હોય એવા કેસોમાં પણ સત્તાનો

ઉપયોગ કપટની શોધના વાજબી સમયગાળાની અંદર થવો જોઈએ. કોઈ કાર્યવાહી અથવા વ્યવહારને માત્ર કપટપૂર્ણ ગણાવવાથી તેને સુધારવા માટેનો સમય અનંત સુધી વધારી શકાતો નથી; અન્યથા પુનરીક્ષણ સત્તાનો ઉપયોગ પોતે જ એવા કાયદા સામેના કપટ સમાન બની જશે, જે સત્તાધિકારીને આવી સત્તા આપે છે. (ભાર મૂકેલ).

અટલે હાલના કેસની હકીકતોમાં રાજ્ય–સામાવાળા તરફથી ભારે ભારપૂર્વક દલીલ કરવામાં આવી છે કે સાણંદની કૃષિ જમીનની પ્રમાણિત મ્યુટેશન એન્ટ્રી, જેના પર અરજદારે તા.૨૬.૧૦.૧૯૮૯ના રોજ નક્કી કરાયેલી પોતાની અપીલમાં વિદ્વાન ડેપ્યુટી કલેક્ટર સમક્ષ આધાર રાખ્યો હતો, બનાવટી હતી. પરંતુ રાજ્ય–સામાવાળા એ દર્શાવી શક્યા નથી કે સાણંદ તાલુકાની સર્વે નં.૨૩૪ની સદર કૃષિ જમીન ખરીદવાનો સદર વેચાણ વ્યવહાર ટેનન્સી એક્ટની કલમ ૮૪સી હેઠળની કોઈ કાર્યવાહીનો વિષય હતો કે નહીં. આદરપૂર્વક રજૂ કરવામાં આવે છે કે સાણંદ તાલુકાની કૃષિ જમીન ટેનન્સી એક્ટની કલમ ૮૪સી હેઠળની આવી કોઈ કાર્યવાહીનો વિષય બની નહોતી. તેથી, સાણંદની સદર કૃષિ જમીનની કથિત બનાવટી મ્યુટેશન એન્ટ્રીના આધારે વિદ્વાન ડેપ્યુટી કલેક્ટરે ટેનન્સી એક્ટની કલમ ૭૬એ હેઠળ પોતાની સ્વતઃ પુનરીક્ષણ સત્તાનો ઉપયોગ કરવામાં ભૂલ કરી છે.

૩ આદરપૂર્વક રજૂ કરવામાં આવે છે કે તા.૨૬.૧૦.૧૯૮૯ના રોજ વિદ્વાન

ડેપ્યુટી કલેક્ટર (લેન્ડ રિફોર્મ્સ) અપીલ્સ, અમદાવાદે તા.૨૬.૧૦.૧૯૮૯ના હુકમથી વિદ્વાન મામલતદાર અને એ.એલ.ટી.ના વાદગ્રસ્ત હુકમને રદ કરી બાજુ પર મૂક્યો હતો. વિદ્વાન મામલતદાર અને એ.એલ.ટી., દાસકરોઈ–અમદાવાદે તા.૬.૫.૨૦૧૦ના પોતાના હુકમથી તેથી રેસ–જ્યુડિકેટાના સિદ્ધાંતથી બાધિત થઈ અને તા.૨૬.૧૦.૧૯૮૯નો સદર હુકમ કોઈ પડકારના અભાવે અંતિમ બની ગયેલ હોવાથી કાર્યવાહી યોગ્ય રીતે પડતી મૂકી હતી.

૪ આદરપૂર્વક રજૂ કરવામાં આવે છે કે તા.૩૧.૫.૨૦૧૭ની વાદગ્રસ્ત નોટિસનું પરિણામી અસર તા.૨૬.૧૦.૧૯૮૯ના અગાઉના હુકમની સમીક્ષા કરવા સમાન છે, જે કાયદા હેઠળ મંજૂર નથી, કારણ કે મહેસૂલ સત્તાધિકારીઓને પોતાના હુકમોની સમીક્ષા કરવાની સત્તા અને અધિકારક્ષેત્ર નથી, જેમ કે આ માનનીય હાઈકોર્ટના નીચેના ચુકાદાઓમાં ઠરાવવામાં આવ્યું છે: (એ) ૨૦૦૬(૨) જી.એલ.આર. ૧૦૭૩, અબ્દુલકરીમ અલીભાઈ ચૌહાણ વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને અન્ય; (બી) ૧૯૭૧ જી.એલ.આર. પૃષ્ઠ ૧૫૬, ભગવાનજી બાવનજી પટેલ વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત; અને (સી) ૨૦૦૦(૨) જી.એલ.આર. પૃષ્ઠ ૧૬૯૭, કણબી અર્જન કાના અને અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને અન્ય.

૫ આદરપૂર્વક રજૂ કરવામાં આવે છે કે અરજદારની ટેનન્સી એક્ટની કલમ

*૭૪ હેઠળની અગાઉની અપીલ દાખલ થઈ અને વિદ્વાન ડેપ્યુટી કલેક્ટર (લેન્ડ રિફોર્મ્સ) અપીલ્સ, અમદાવાદ દ્વારા તેનો નિર્ણય કરવામાં આવ્યો હોવાથી, વિદ્વાન ડેપ્યુટી કલેક્ટર (લેન્ડ રિફોર્મ્સ) અપીલ્સ, અમદાવાદ દ્વારા ટેનન્સી એક્ટની કલમ ૭૬એ હેઠળ કરવામાં આવેલ સ્વતઃ પુનરીક્ષણ સત્તાનો વાદગ્રસ્ત ઉપયોગ પણ અગાઉના તા.૨૬.૧૦.૧૯૮૯ના હુકમની સમીક્ષા કરવા સમાન છે અને તે પણ મંજૂર નથી."*

૬. ઉપરોક્ત સંજોગોમાં શ્રી ગાંધી અરજ કરે છે કે આ રિટ અરજીમાં ગુણ હોવાથી તે મંજૂર કરવામાં આવે અને વાદગ્રસ્ત કારણદર્શક નોટિસ રદ કરવામાં આવે.

૭. બીજી તરફ, રાજ્ય તરફથી હાજર વિદ્વાન એ.જી.પી. સુશ્રી ઠાકોરે આ રિટ અરજીનો જોરદાર વિરોધ કર્યો છે.

૮. સુશ્રી ઠાકોરે રજૂ કર્યું કે અધિનિયમની કલમ ૭૬એનું સાદું વાંચન દર્શાવે છે કે સમયમર્યાદા માત્ર મામલતદાર અથવા ટ્રિબ્યુનલની કોઈ તપાસ અથવા કાર્યવાહીનો રેકોર્ડ મંગાવવા માટે જ નક્કી કરવામાં આવી છે, જેથી મામલતદાર અથવા ટ્રિબ્યુનલ દ્વારા પસાર કરાયેલા કોઈ હુકમની કાયદેસરતા અથવા યોગ્યતા તપાસી શકાય. એક વર્ષની અવધિ માત્ર સદર હેતુ માટે જ નક્કી કરવામાં આવી છે. રેકોર્ડ અને કાર્યવાહી મંગાવ્યા બાદ હુકમ પસાર કરવા માટે કોઈ સમયમર્યાદા નક્કી કરવામાં આવી નથી. વિદ્વાન એ.જી.પી.એ રજૂ કર્યું કે

સમગ્ર વ્યવહાર અધિનિયમની કલમ ૬૩ની જોગવાઈઓના ભંગમાં હતો અને રાજ્ય સરકાર સાથે કપટ કરવામાં આવ્યું હોવાનું કહી શકાય. જો કપટ કરવામાં આવ્યું હોય તો કોઈપણ સમયે હુકમને નાબૂદ કરી શકાય છે. વિદ્વાન એ.જી.પી.એ રજૂ કર્યું કે જે કોઈ વ્યવહાર શૂન્ય છે તેને કોઈપણ સમયે અસ્તિત્વહીન જાહેર કરી શકાય છે. વાજબી સમયની અંદર સ્વતઃ સત્તાનો ઉપયોગ કરવાનો સિદ્ધાંત કપટના કેસોમાં લાગુ નહીં પડે. સુશ્રી ઠાકોરે અંતમાં રજૂ કર્યું કે અરજદાર પાસે કારણદર્શક નોટિસનો પોતાનો ખુલાસો દાખલ કરવાની અસરકારક ઉપાય છે, જેમાં તેના માટે ઉપલબ્ધ તમામ કારણો ઉઠાવી શકાય છે. સુશ્રી ઠાકોરે રજૂ કર્યું કે કારણદર્શક નોટિસથી કોઈ કાર્યવાહીનું કારણ ઊભું થતું નથી, કારણ કે તે કોઈ પક્ષકારના અધિકારોને અસર કરતો પ્રતિકૂળ હુકમ નથી. તે તદ્દન શક્ય છે કે કારણદર્શક નોટિસના જવાબને ધ્યાનમાં લીધા બાદ સંબંધિત સત્તાધિકારી કાર્યવાહી પડતી મૂકે. કારણદર્શક નોટિસ કોઈના અધિકારોનું ઉલ્લંઘન કરતી નથી. માત્ર જ્યારે કોઈ વ્યક્તિને પ્રતિકૂળ અસર કરતો અંતિમ હુકમ પસાર થાય ત્યારે જ એવો વ્યક્તિ પોતાની કોઈ ફરિયાદ હોવાનું કહી શકે. સુશ્રી ઠાકોરે રજૂ કર્યું કે જ્યારે કોઈ વ્યક્તિને કારણ બતાવવા કહેતી કાયદાકીય જોગવાઈ હેઠળ કારણદર્શક નોટિસ જારી થાય ત્યારે સામાન્ય રીતે તેણે કારણ દર્શાવીને સંબંધિત સત્તાધિકારી સમક્ષ પોતાનો કેસ રજૂ કરવો જોઈએ. કારણદર્શક નોટિસ જારી કરવાનો હેતુ સંબંધિત વ્યક્તિને સાંભળવાની તક આપવાનો છે અને અદાલતોને તે તબક્કે હસ્તક્ષેપ કરવામાં અનિચ્છા હોવી જોઈએ, કારણ કે તે સમયપૂર્વકનું રહેશે. ઉપરોક્ત સંજોગોમાં વિદ્વાન

એ.જી.પી.એ અરજ કરી કે આ રિટ અરજીમાં કોઈ ગુણ ન હોવાથી તેને ફગાવી દેવી.

૯. પક્ષકારો તરફથી હાજર વિદ્વાન વકીલોને સાંભળ્યા બાદ અને રેકોર્ડ પરની સામગ્રીનો વિચાર કર્યા બાદ, મારા વિચારણા માટેનો એકમાત્ર પ્રશ્ન એ છે કે વાદગ્રસ્ત કારણદર્શક નોટિસ જારી કરવામાં ડેપ્યુટી કલેક્ટરે કોઈ ભૂલ કરી છે કે નહીં.

૧૦. તા.૩ જુલાઈ, ૨૦૧૭ના રોજ આ અદાલતે નીચેનો હુકમ પસાર કર્યો;

> *"૧. આ અરજીમાં પડકાર અમદાવાદના ડેપ્યુટી કલેક્ટર દ્વારા ગુજરાત ટેનન્સી એક્ટની કલમ ૭૬એ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને જારી કરાયેલી કારણદર્શક નોટિસને છે. નિર્વિવાદપણે, આવી સ્વતઃ પુનરીક્ષણ સત્તાનો ઉપયોગ લગભગ વીસ વર્ષના સમયગાળા બાદ કરવામાં આવ્યો છે. સત્તાધિકારીનો કેસ દેખીતી રીતે કપટનો છે. જો કપટની ફરિયાદ કરવામાં આવે, અથવા જો ટેનન્સી એક્ટની કલમ ૭૬એ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને ડેપ્યુટી કલેક્ટર દ્વારા પુનરીક્ષણ કરવાની માંગ કરવામાં આવેલી કાર્યવાહી શૂન્ય હોય, તો શું નિર્ધારિત એક વર્ષની મર્યાદાનો સમયગાળો કારણદર્શક નોટિસને ખરાબ અથવા અધિકારક્ષેત્ર વિના બનાવશે? જોઈન્ટ ડિરેક્ટર, રંગા રેડ્ડી જિલ્લો અને અન્ય વિરુદ્ધ ડી. નરસિંહ રાવ અને અન્ય [એ.આઇ.આર. ૨૦૧૫ એસ.સી. ૧૦૨૧]ના*

*સર્વોચ્ચ અદાલતના ચુકાદા પર આધાર રાખવામાં આવ્યો છે.*

*૨. અંતિમ નિકાલ માટે સામાવાળાઓને નોટિસ જારી કરવી, જે તા.૧૮ જુલાઈ, ૨૦૧૭ના રોજ પરત ફરવાપાત્ર રહેશે. રાજ્ય ગુજરાતના સામાવાળા નં.૩ તરફથી વિદ્વાન સહાયક સરકારી વકીલ સુશ્રી નિશા ઠાકોર નોટિસની બજવણી માફ કરે છે. અન્ય સામાવાળાઓને આજ રોજ સીધી બજવણી કરવાની મંજૂરી છે.*

*૩. ઉપરોક્ત અરજ–૭(બી) મુજબ એકતરફી વચગાળાનો હુકમ રહે. બાબત બોર્ડમાં ટોચ પર મૂકો."*

૧૧. સૌપ્રથમ હું બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ પોતાની રિટ સત્તાનો ઉપયોગ કરતી હાઈકોર્ટ દ્વારા કારણદર્શક નોટિસના તબક્કે હસ્તક્ષેપ કરવા અંગે વિદ્વાન એ.જી.પી.ની રજૂઆતનો વિચાર કરું. એ સાચું છે કે હાઈકોર્ટનો હસ્તક્ષેપ ત્યારે જ યોગ્ય ગણાશે જ્યારે નોટિસ પ્રથમદર્શનમાં જ 'શૂન્ય' અથવા કાયદાની નજરે અસ્તિત્વહીન હોય, કારણ કે સત્તાધિકારીને તથ્યોની તપાસ કરવાની પણ સંપૂર્ણ સત્તાનો અભાવ હોય, અથવા પરંપરાગત અર્થમાં સંપૂર્ણપણે 'અધિકારક્ષેત્ર વિના' હોય, એટલે કે કાર્યવાહીનો આરંભ અથવા શરૂઆત જ તેના ચહેરા પર અને વધુ કંઈ વિના સંપૂર્ણપણે અનધિકૃત હોય. અન્ય તમામ કેસોમાં યોગ્ય એ છે કે પક્ષકાર સંબંધિત સત્તાધિકારી સમક્ષ કારણ દર્શાવે અને ત્યાં જ અધિકારક્ષેત્ર અંગેનો વાંધો ઉઠાવે. કારણદર્શક નોટિસ કોઈ કાનૂની

આધાર પર જારી કરવામાં આવી છે કે નહીં, એ અધિકારક્ષેત્રનો પ્રશ્ન છે, જે નોટિસ મેળવનાર વ્યક્તિ પોતાના જવાબમાં પણ ઉઠાવી શકે છે અને એવો પ્રશ્ન શરૂઆતમાં નોટિસ જારી કરનાર સત્તાધિકારી દ્વારા પણ નક્કી કરી શકાય છે, તે પહેલાં કે વ્યથિત વ્યક્તિ અદાલતનો આશરો લે.

૧૨. પક્ષકારોને સંબંધિત સત્તાધિકારી સમક્ષની કાર્યવાહી તરફ મોકલવા માટે કારણદર્શક નોટિસ જારી કરવાના તબક્કે હસ્તક્ષેપથી દૂર રહેવું સામાન્ય નિયમ છે. જોકે, સદર નિયમ અપવાદ વિના નથી. જ્યાં કારણદર્શક નોટિસ અધિકારક્ષેત્ર વિના જારી કરવામાં આવે અથવા કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ હોય ત્યાં રિટ અદાલત કારણદર્શક નોટિસ જારી કરવાના તબક્કે પણ હસ્તક્ષેપ કરવામાં સંકોચ કરશે નહીં. યોગ્ય કેસમાં આ અદાલત પાસે કોઈ સત્તાધિકારીને અધિકારક્ષેત્ર વિના કાર્ય કરતા રોકવાનો હુકમ જારી કરવાની સત્તા છે. જ્યાં અધિકારક્ષેત્ર વિના કાર્ય કરતું સત્તાધિકારીનું આવું પગલું કોઈ વ્યક્તિને લાંબી કાર્યવાહી અને અનાવશ્યક હેરાનગતિનો સામનો કરાવે છે અથવા કરાવવાની સંભાવના ધરાવે છે ત્યાં આવા પરિણામોને અટકાવવા માટે યોગ્ય હુકમો અથવા દિશાઓ જારી કરવામાં હાઇકોર્ટ ન્યાયસંગત રહેશે. વૈકલ્પિક ઉપાયનું અસ્તિત્વ હંમેશા એવી વ્યક્તિને રિટ અથવા હુકમ દ્વારા રાહત ન આપવાનો પૂરતો કારણ નથી, જેમાં અધિકારક્ષેત્ર વિના કાર્ય કરતા સત્તાધિકારીને આવી કાર્યવાહી ચાલુ રાખવાથી રોકવામાં આવે. જ્યાં પૂર્વગ્રહપૂર્ણ કાર્યવાહીની ધમકી સંપૂર્ણપણે અધિકારક્ષેત્ર વિના હોય અથવા કાયદાની પ્રક્રિયાનો ગંભીર દુરુપયોગ હોય ત્યાં

અદાલતનું રક્ષણ મેળવતાં પહેલાં વ્યક્તિને પોતાને ઈજા થવાની રાહ જોવા કહી શકાય નહીં.

૧૩. હાલના કેસની હકીકતો એવી છે કે વાદગ્રસ્ત કારણદર્શક નોટિસના તબક્કે હસ્તક્ષેપ કરવા માટે હું પ્રેરિત થયો છું, કારણ કે મારો મત છે કે ટેનન્સી એક્ટની કલમ ૭૬એ હેઠળની સ્વતઃ સત્તાનો ઉપયોગ કરીને લગભગ વીસ વર્ષ બાદ નોટિસ જારી કરવી અધિકારક્ષેત્ર વિના છે અને અધિનિયમ દ્વારા સત્તાધિકારીને આપવામાં આવેલી સ્વતઃ સત્તાનો ગંભીર દુરુપયોગ છે.

૧૪. હવે હું કથિત કપટના મુદ્દા પર વિચાર કરું. સ્વતઃ સત્તાના ઉપયોગમાં થયેલા વિલંબ અંગે આ રિટ અરજીમાં ઉઠાવવામાં આવેલ મુખ્ય પ્રશ્નનો સર્વોચ્ચ અદાલતે જોઈન્ટ કલેક્ટર, રંગા રેડ્ડી જિલ્લો અને અન્ય વિરુદ્ધ ડી. નરસિંહ રાવ અને અન્ય વગેરે, એ.આઇ. આર. ૨૦૧૫ એસ.સી. ૧૦૨૧ના કેસમાં અત્યંત વિસ્તૃત રીતે વિચાર કર્યો છે. ન્યાયમૂર્તિ નાગપ્પનએ, જેમના સ્વામિત્વે તે સમયે તેમનું પદ ધરાવ્યું હતું, સર્વોચ્ચ અદાલતના વિવિધ અન્ય ચુકાદાઓનો સંદર્ભ લીધા બાદ નીચે મુજબ અવલોકન કર્યું હતું;

> *"કલેક્ટર અને અન્ય વિરુદ્ધ પી. મંગમ્મા અને અન્ય, (૨૦03) ૪ એસ.સી.સી. ૪૮૮ના ચુકાદામાં, આ અદાલતે આંધ્ર પ્રદેશ એસાઇન્ડ લેન્ડ્સ (પ્રોહિબિશન ઓફ ટ્રાન્સફર્સ) એક્ટ, ૧૯૭૭ હેઠળની અનિયમિત ફાળવણીઓ સામેની સ્વતઃ કાર્યવાહીની બાબતમાં ઠરાવ્યું*

હતું કે 'વાજબી' શબ્દની ચોક્કસ વ્યાખ્યા આપવી મુશ્કેલ રહેશે અને વાજબી સમયગાળો સંબંધિત કેસની હકીકતો પર આધારિત રહેશે અને જે કેસમાં નિર્ણય આવ્યો હતો તેની હકીકતોમાં ત્રીસ વર્ષના સમયગાળા બાદ લેવામાં આવેલી સ્વતઃ કાર્યવાહી નવેસર વિચારણા માટે હાઈકોર્ટને મોકલવામાં આવી હતી.

સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય વિરુદ્ધ રતનલાલ, (૧૯૯૩) ૩ એસ.સી.સી. ૩૨૬ના ચુકાદામાં, આ અદાલતે મહારાષ્ટ્ર એગ્રીકલ્ચરલ લેન્ડ (સીલિંગ એન્ડ હોલ્ડિંગ્સ) એક્ટ, ૧૯૬૧ની કલમ ૪૫ હેઠળની પુનરીક્ષણ સત્તા અંગે વિચાર કરતાં ઠરાવ્યું હતું કે વાદગ્રસ્ત હુકમની તારીખથી ત્રણ વર્ષ પૂર્ણ થયા બાદ સ્વતઃ પુનરીક્ષણ સત્તાનો ઉપયોગ ન કરવો જોઈએ, જોકે જ્યાં અપ્રગટ કૃષિ જમીનના અસ્તિત્વ જેવી મહત્વપૂર્ણ હકીકતો છુપાવવામાં આવી હોય અને લાંબા સમય બાદ ઉચ્ચ સત્તાધિકારીઓના ધ્યાનમાં આવી હોય ત્યાં મર્યાદાની અવધિ કપટ અથવા છુપાવટની શોધની તારીખથી જ શરૂ થશે.

સ્ટેટ ઓફ ઓરિસ્સા અને અન્ય વિરુદ્ધ બ્રુંદાબન શર્મા અને અન્ય, (૧૯૯૫) સપ્લિમેન્ટ (૩) એસ.સી.સી. ૨૪૯ના ચુકાદામાં, આ અદાલતે ઓરિસ્સા એસ્ટેટ્સ એબોલિશન એક્ટ, ૧૯૫૧ની કલમ ૩૮–બી હેઠળની પુનરીક્ષણ સત્તા અંગે વિચારતાં ઠરાવ્યું હતું કે બોર્ડ ઓફ રેવન્યુએ કથિત પટ્ટાના દાનની તારીખના ૨૭ વર્ષ બાદ પુનરીક્ષણ

સત્તાનો ઉપયોગ કર્યો હતો, પરંતુ તેની પ્રામાણિકતા અને શુદ્ધતા શંકાસ્પદ લક્ષણોથી ઘેરાયેલી હતી અને તેથી પુનરીક્ષણ સત્તાનો ઉપયોગ કાયદેસર અને માન્ય હતો.

૮. અમે શ્રી યુ.યુ. લલિત, શ્રી પ્રવીણ એચ. પારેખ, શ્રી રણજિત કુમાર, શ્રી પી.વી. શેટ્ટી, વિદ્વાન સિનિયર વકીલો તેમજ સામાવાળાઓ તરફથી હાજર અન્ય વિદ્વાન વકીલોની રજૂઆતો સાંભળી. સામાવાળાઓના વિદ્વાન વકીલોની મુખ્ય રજૂઆત એવી હતી કે સામાવાળાઓના માલિકીના હકના પૂર્વજોના નામો વર્ષ ૧૯૫૪–૫૫ની ખાસરા પહાનીમાં દર્શાવવામાં આવ્યા છે અને નોંધાયેલ વેચાણખતો હેઠળ તેમની પાસેથી સામાવાળાઓ દ્વારા વિષયભૂત જમીનની ખરીદી વિવાદિત નથી અને તેઓ વર્ષ ૧૯૫૪થી સતત નિયમિત રીતે જમીન મહેસૂલ ચૂકવી રહ્યા છે તથા વિષયભૂત મિલકતના સતત કબજા અને ભોગવટાને કારણે નોંધપાત્ર હકો સામાવાળાઓને પ્રાપ્ત થયા છે અને લાંબા સમયના અંતરાલ બાદ સ્વતઃ પુનરીક્ષણ સત્તાનો ઉપયોગ મનસ્વી છે અને મિલકતના માલિકીના સદ્ભાવપૂર્ણ વિવાદના કિસ્સામાં રેકોર્ડની તપાસ અને સુધારણાનો સંક્ષિપ્ત ઉપાય અપનાવી શકાય નહીં અને અપીલકર્તાઓને સિવિલ દાવો દાખલ કરીને પોતાના ઉપાયો અજમાવવાની છૂટ આપવામાં આવી છે અને હાઇકોર્ટના તારણો હકીકત અને કાયદા બંને પર ટકી શકે એવા છે. પોતાની રજૂઆતોના સમર્થનમાં

આ અદાલતના નીચેના ચુકાદાઓ પર આધાર રાખવામાં આવ્યો હતો.

સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ પાટીલ રાઘવ નાથ અને અન્ય, (૧૯૬૯) ૨ એસ.સી.સી. ૧૮૭ના ચુકાદામાં, આ અદાલતે બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ, ૧૮૭૯ની કલમો ૬૫ અને ૨૧૧નો સંદર્ભ લેતાં ઠરાવ્યું હતું કે અધિનિયમની કલમ ૬૫ હેઠળના હુકમનું પુનરીક્ષણ કરવા માટે કલમ ૨૧૧ હેઠળ મર્યાદાની કોઈ અવધિ નિર્ધારિત ન હોવા છતાં, સદર સત્તાનો ઉપયોગ વાજબી સમયમાં થવો જોઈએ અને જે કેસમાં નિર્ણય આવ્યો તેની હકીકતોમાં હુકમના એક વર્ષ કરતાં વધુ સમય બાદ સત્તાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેને ખૂબ મોડું ગણવામાં આવ્યું હતું.

મોહમદ કવી મોહમદ અમીન વિરુદ્ધ ફતમાબાઈ ઈબ્રાહિમ, (૧૯૯૭) ૬ એસ.સી.સી. ૭૧ના ચુકાદામાં, આ અદાલતે બોમ્બે ટેનન્સી એન્ડ એગ્રીકલ્ચરલ લેન્ડ્સ એક્ટ, ૧૯૭૬ની કલમ ૮૪–સી અંગે વિચાર કરતાં ઠરાવ્યું હતું કે સદર કલમ કાર્યવાહી શરૂ કરવા માટે કોઈ સમયમર્યાદા નક્કી કરતી નથી, તેમ છતાં આવી સત્તાનો ઉપયોગ વાજબી સમયમાં થવો જોઈએ અને કેસની હકીકતોમાં સદર કલમ હેઠળ નવ મહિનાના સમયગાળા બાદ શરૂ કરાયેલી સ્વતઃ તપાસ વાજબી સમયની બહાર હતી.

સંતોષકુમાર શિવગોંડા પાટીલ અને અન્ય વિરુદ્ધ બાલાસાહેબ તુકારામ શેવાળે અને અન્ય, (૨૦૦૯) ૯ એસ.સી.સી. ૩૫૨ના ચુકાદામાં, આ

અદાલતે મહારાષ્ટ્ર લેન્ડ રેવન્યુ કોડ, ૧૯૬૬ની કલમ ૨૫૭ હેઠળની પુનરીક્ષણ સત્તા અંગે નીચે મુજબ ઠરાવ્યું હતું:

"૧૧. એવું પૂરતું સુસ્થાપિત લાગે છે કે જો કોઈ કાયદો પુનરીક્ષણ સત્તાના ઉપયોગ માટે સમયમર્યાદા નક્કી કરતો નથી તો તેનો અર્થ એવો નથી કે આવી સત્તાનો કોઈપણ સમયે ઉપયોગ કરી શકાય; તેના બદલે તેનો ઉપયોગ વાજબી સમયમાં થવો જોઈએ. કારણ એ છે કે લાંબા સમયના અંતરાલ બાદ સ્થિર બાબતને અસ્થિર કરવાની કાયદાની અપેક્ષા નથી. જ્યાં વિધાનસભા સત્તાધિકારી દ્વારા, સ્વતઃ અથવા અન્યથા, પુનરીક્ષણ સત્તાનો ઉપયોગ કયા સમયગાળામાં કરવો તે માટે કોઈ સમયગાળો નક્કી કરતી નથી ત્યાં સ્પષ્ટ છે કે વાજબી સમયની અંદર સત્તાનો ઉપયોગ તેમાં અંતર્નિહિત છે.

૧૨. સામાન્ય રીતે જે સમયગાળામાં મહારાષ્ટ્ર લેન્ડ રેવન્યુ કોડની કલમ ૨૫૭ હેઠળ પુનરીક્ષણ સત્તાનો ઉપયોગ કરી શકાય તે વાજબી સમય ત્રણ વર્ષ હશે, અલબત્ત, કોઈ ચોક્કસ કેસમાં અપવાદરૂપ સંજોગોને આધીન; પરંતુ નિશ્ચિતપણે ૧૭ વર્ષના અંતરાલ બાદ પુનરીક્ષણ સત્તાનો ઉપયોગ વાજબી સમય નથી. મહારાષ્ટ્ર લેન્ડ રેવન્યુ કોડની કલમ ૨૫૭ હેઠળ સબ–ડિવિઝનલ ઓફિસર દ્વારા પુનરીક્ષણ સત્તાનો આશરો હકીકતો અને સંજોગોમાં પ્રક્રિયાના દુરુપયોગ સમાન છે, ભલે એવું માનવામાં આવે કે તા.૩૦–૩–૧૯૭૬ના રોજ તહસીલદારે પસાર કરેલો હુકમ ખામીયુક્ત

અને કાયદેસર રીતે ખોટો હતો."

સ્ટેટ ઓફ પંજાબ અને અન્ય વિરુદ્ધ ભટિંડા ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન લિમિટેડ, (૨૦૦૭) ૧૧ એસ.સી.સી. ૩૬૩ના ચુકાદામાં, આ અદાલતે પંજાબ જનરલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૪૮ની કલમ ૨૧ હેઠળની પુનરીક્ષણ સત્તા અંગે નીચે મુજબ ઠરાવ્યું હતું:

"૧૭. અધિનિયમની કલમ ૨૧નું સાદું વાંચન દર્શાવે છે કે તેના માટે કોઈ મર્યાદાની અવધિ નક્કી કરવામાં આવી ન હોવા છતાં તેનો અર્થ એવો નથી કે સ્વતઃ સત્તાનો કોઈપણ સમયે ઉપયોગ કરી શકાય.

૧૮. એ સ્વીકાર્ય કાનૂની સિદ્ધાંત છે કે જો મર્યાદાની કોઈ અવધિ નક્કી ન કરવામાં આવી હોય તો કાયદાકીય સત્તાધિકારીએ વાજબી સમયની અંદર પોતાના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવો જોઈએ. જોકે, વાજબી સમયગાળો કયો હશે તે અધિનિયમની પ્રકૃતિ, તેના હેઠળના હકો અને જવાબદારીઓ તથા અન્ય સંબંધિત પરિબળો પર આધારિત રહેશે.

૧૯. અમારા મત મુજબ સદર અધિનિયમના હેતુ અને અર્થને ધ્યાનમાં લેતાં પુનરીક્ષણ અધિકારક્ષેત્રનો સામાન્ય રીતે ત્રણ વર્ષની અંદર ઉપયોગ થવો જોઈએ. કોઈ પણ સંજોગોમાં તે પાંચ વર્ષની અવધિ કરતાં વધુ ન

હોવો જોઈએ......"

ઈબ્રાહિમપટ્ટણમ તાલુક વ્યાવસાય કૂલી સંગમ વિરુદ્ધ કે. સુરેશ રેડ્ડી અને અન્ય, (૨૦૦3) ૭ એસ.સી.સી. ૬૬૭ના ચુકાદામાં, આ અદાલતે આંધ્ર પ્રદેશ (તેલંગાણા વિસ્તાર) ટેનન્સી એન્ડ એગ્રીકલ્ચરલ લેન્ડ એક્ટ, ૧૯૫૦ની કલમ ૫૦-બી(૪) હેઠળની સ્વતઃ પુનરીક્ષણ સત્તા અંગે નીચે મુજબ ઠરાવ્યું હતું:

"૯. ............... છેતરપિંડી અંગેની જરૂરી અને પૂરતી વિગતો, તેમજ છેતરપિંડી ક્યારે અથવા કયા સમયગાળામાં શોધાઈ તે અંગેની વિગતો રજૂ કરવામાં આવી ન હોય અને ખાસ કરીને છેતરપિંડીની શોધની તારીખથી વાજબી સમયગાળાની અંદર સ્વતઃ સત્તાનો ઉપયોગ કરી શકાય એવી દલીલ કરવામાં આવી ન હોય ત્યારે, હાઈકોર્ટના વિદ્વાન એકલ ન્યાયાધીશ તેમજ ડિવિઝન બેન્ચે બિનસત્તાવાર સામાવાળાઓ દ્વારા કરવામાં આવી હોવાનું કહેવાતું છેતરપિંડીનું પરીક્ષણ ન કરવામાં યોગ્યતા દર્શાવી હતી. અધિનિયમની કલમ ૫૦-બીની પેટા-કલમ (૪)માં 'કોઈપણ સમયે' શબ્દોનો ઉપયોગ માત્ર એ દર્શાવે છે કે કોઈ ચોક્કસ તારીખથી ગણતરી અથવા શરૂઆત કરીને સ્વતઃ સત્તાનો ઉપયોગ કયા ચોક્કસ સમયગાળામાં કરવો તે માટે કોઈ વિશિષ્ટ મર્યાદાની અવધિ નક્કી કરવામાં આવી નથી. સ્વતઃ સત્તાનો ઉપયોગ દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત રહેશે. છેતરપિંડીના કેસોમાં છેતરપિંડી શોધાઈ

અથવા બહાર આવી તે તારીખથી વાજબી સમયની અંદર આ સત્તાનો ઉપયોગ થઈ શકે. આવી સત્તાનો ઉપયોગ કરતી વખતે ઘણા પરિબળો ધ્યાનમાં લેવા પડે, જેમ કે લાંબા સમયના અંતરાલને કારણે અચર સંપત્તિ પર તૃતીય પક્ષોના હકો પર થતી અસર, ત્યારબાદના સદ્ભાવપૂર્ણ હસ્તાંતરણો દ્વારા માલિકીના ફેરફારો, અન્ય અધિનિયમોની જોગવાઈઓ હેઠળ હુકમોને પ્રાપ્ત થયેલી અંતિમતા વગેરે.

આથી એવું જણાય છે કે કલમ ૫૦–બીની પેટા–કલમ (૪)માં મર્યાદાની અવધિ કઈ તારીખથી શરૂ થશે અને કયા સમયગાળામાં સ્વતઃ સત્તાનો ઉપયોગ કરવો પડશે તે જણાવ્યા વિના 'કોઈપણ સમયે' શબ્દોનો ઉપયોગ એટલા માટે કરવામાં આવ્યો છે કે અધિનિયમની પ્રકૃતિ અને પક્ષકારોના હકોના સંદર્ભમાં દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધાર રાખીને છેતરપિંડી શોધાયેલી તારીખથી વાજબી સમયની અંદર સ્વતઃ સત્તાનો ઉપયોગ કરી શકાય. કલમ ૫૦–બીની પેટા–કલમ (૪)માં 'કોઈપણ સમયે' શબ્દોને શબ્દશઃ કઠોરતાથી વાંચી શકાય નહીં. તેનો સંદર્ભ સાથે અને વાજબી રીતે અર્થઘટન કરવું આવશ્યક છે. જો કોઈ વ્યક્તિએ માત્ર 'કોઈપણ સમયે' શબ્દોના શબ્દકોશીય અર્થના આધારે આગળ વધવું હોય તો કલમ ૫૦–બીની પેટા–કલમ (૪) હેઠળની સ્વતઃ સત્તાનો ઉપયોગ દાયકાઓ બાદ પણ કરી શકાય અને પછી તે અનિશ્ચિતતા અને જટિલતાઓવાળી અસંગત સ્થિતિ તરફ દોરી જશે તથા

તે પણ અચર સંપત્તિ ઉપર પક્ષકારોના હકોને ગંભીર અસર કરશે. હુકમોને અંતિમતા પ્રાપ્ત થઈ ગઈ હોય અને હુકમોના પ્રકાશમાં પક્ષકારોના હકો નિશ્ચિત થયા હોય તો તેમને પવિત્રતા હોવી જોઈએ. 'કોઈપણ સમયે' સ્વતઃ સત્તાનો ઉપયોગ કરવાનો અર્થ માત્ર એટલો છે કે કોઈ ચોક્કસ તારીખથી ગણતરી કરીને દિવસો, મહિના અથવા વર્ષો જેવી કોઈ વિશિષ્ટ અવધિ નિર્ધારિત કરવામાં આવી નથી. પરંતુ તેનો અર્થ એવો નથી કે 'કોઈપણ સમયે' શબ્દોને કોઈ માર્ગદર્શન વિના અને મનસ્વી રીતે અપનાવી શકાય. આ દૃષ્ટિએ નિર્ધારિત મર્યાદાની અવધિના અભાવમાં 'કોઈપણ સમયે'નો અર્થ દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત વાજબી સમયની અંદર એવો કરવો જોઈએ."

૯. ૧૯૪૮માં હૈદરાબાદ રાજ્યના ભારત સાથે વિલીનીકરણના પરિણામે આંધ્ર પ્રદેશ (તેલંગાણા વિસ્તાર) એબોલિશન ઓફ જાગીર્સ રેગ્યુલેશન, ૧૩૫૮ ફસલી દ્વારા જાગીરો નાબૂદ કરવામાં આવી. 'ખસરા પહાની' એ આંધ્ર પ્રદેશના બોર્ડ ઓફ રેવન્યુ દ્વારા વર્ષ ૧૯૫૪–૫૫માં તૈયાર કરવામાં આવેલ હકોનો મૂળભૂત રેકોર્ડ છે. તેને એ.પી. (તેલંગાણા વિસ્તાર) રેકોર્ડ ઓફ રાઈટ્સ ઈન લેન્ડ રેગ્યુલેશન ૧૩૫૮ ફસલીના નિયમન ૪ હેઠળ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. નિયમન નં.૧૩ મુજબ સદર હકોના રેકોર્ડમાંની કોઈ એન્ટ્રી સાચી હોવાનું માનવામાં આવશે જ્યાં સુધી તેની વિરુદ્ધ સાબિત ન થાય. સદર ૧૩૫૮–એફનું નિયમન એ.પી.

રાઈટ્સ ઈન લેન્ડ એન્ડ પટ્ટાદાર પાસબુક્સ એક્ટ, ૧૯૭૧ દ્વારા રદ કરવામાં આવ્યું, જે તા.૧૫.૮.૧૯૭૮ના રોજ અમલમાં આવ્યું. પી. રામનાથ અય્યરની "ધ લૉ લેક્સિકોન"ની બીજી આવૃત્તિ (૧૯૯૭), પૃષ્ઠ ૧૦૫૩માં 'ખસરા'ને નીચે મુજબ વર્ણવવામાં આવ્યું છે: "ખસરા એ માલિકીના એક હકના પ્રસંગોને નોંધતું રજિસ્ટર છે અને તે એક ઐતિહાસિક રેકોર્ડ છે. જ્યારે બીજું કોઈ માલિકીનું દસ્તાવેજ ન હોય ત્યારે ખસરા માલિકીના દસ્તાવેજનું કાર્ય કરશે."

૧૦. એ સ્વીકારાયેલ છે કે સામાવાળાઓના માલિકીના હકના પૂર્વજોના નામો ગોપનપલ્લી ગામના સર્વે નં.૩૬ અને ૩૭ સંબંધિત વર્ષ ૧૯૫૪–૫૫ની ખસરા પહાનીમાં દર્શાવવામાં આવ્યા છે. નોંધાયેલ વેચાણખતો હેઠળ સદર જમીનોની તેમના પાસેથી સામાવાળાઓ દ્વારા કરવામાં આવેલી ખરીદી અંગે પણ ગંભીર વિવાદ નથી. વધુમાં તેઓ વર્ષ ૧૯૫૪થી સતત નિયમિત રીતે જમીન મહેસૂલ ચૂકવી રહ્યા છે. હાલના અપીલકર્તાઓએ આંધ્ર પ્રદેશ (તેલંગાણા વિસ્તાર) લેન્ડ રેવન્યુ એક્ટ, ૧૩૧૭ ફસલી (૧૯૦૭)ની કલમ ૧૬૬–બી હેઠળ તા.૩૧.૧૨.૨૦૦૪ની વાદગ્રસ્ત નોટિસ વર્ષ ૧૯૫૩–૫૪ની ખસરા પહાનીમાંની એન્ટ્રીઓ રદ કરવા માટે જારી કરી હતી, જેમાં તપાસની તારીખ ૫.૨.૨૦૦૫ નક્કી કરવામાં આવી હતી અને તે નોટિસને અહીં પડકારવામાં આવી છે.

કલમ ૧૬૬-બી નીચે મુજબ છે:

"૧૬૬-બી. પુનરીક્ષણ:-

આંધ્ર પ્રદેશ (તેલંગાણા વિસ્તાર) બોર્ડ ઓફ રેવન્યુ રેગ્યુલેશન, ૧૩૫૮ ફસલીની જોગવાઈઓને આધીન રહીને, સરકાર અથવા કલેક્ટરથી નીચા દરજ્જાનો ન હોય એવો કોઈ મહેસૂલ અધિકારી અથવા લેન્ડ રેકોર્ડ્સના સેટલમેન્ટ કમિશનર, કોઈ ગૌણ વિભાગ પાસેથી કેસ અથવા કાર્યવાહીના રેકોર્ડને મંગાવી શકે છે અને પોતાના સંતોષ માટે તેની તપાસ કરી શકે છે કે પસાર કરાયેલ હુકમ અથવા નિર્ણય અથવા લેવામાં આવેલી કાર્યવાહી નિયમિત, કાયદેસર અને યોગ્ય છે કે નહીં અને તે સંદર્ભમાં યોગ્ય હુકમ કરી શકે છે;

પરંતુ સંબંધિત પક્ષકારોને બોલાવવામાં અને સાંભળવામાં આવ્યા સિવાય રૈયતના અધિકારોને અસર કરતો કોઈ હુકમ અથવા નિર્ણય બદલવામાં અથવા રદ કરવામાં આવશે નહીં.

(૨) કલેક્ટર અથવા સેટલમેન્ટ કમિશનરથી નીચા દરજ્જાનો દરેક મહેસૂલ અધિકારી ગૌણ વિભાગ પાસેથી કેસ અથવા કાર્યવાહીનો રેકોર્ડ મંગાવી શકે છે અને પોતાને સંતોષ કરી શકે છે કે પસાર કરાયેલ હુકમ અથવા નિર્ણય અથવા લેવાયેલી કાર્યવાહી નિયમિત, કાયદેસર અને યોગ્ય છે કે

નહીં અને જો તેના મત મુજબ કોઈ હુકમ અથવા નિર્ણય અથવા કાર્યવાહી બદલવી અથવા રદ કરવી જોઈએ તો તે કેસની ફાઇલ પોતાના અભિપ્રાય સાથે, જેમ બને તેમ, કલેક્ટર અથવા સેટલમેન્ટ કમિશનર સમક્ષ મૂકાશે. ત્યારબાદ કલેક્ટર અથવા સેટલમેન્ટ કમિશનર પેટા-કલમ (૧) હેઠળ યોગ્ય હુકમ કરી શકે છે.

(૩) પુનરીક્ષણ માટે માંગવામાં આવેલા મૂળ હુકમ અથવા નિર્ણય અથવા મૂળ હુકમ અથવા નિર્ણયની પ્રમાણિત નકલ દરેક પુનરીક્ષણ અરજી સાથે દાખલ કરવી રહેશે."

